# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
(Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૨૫૦૭૯

તા.૦૫/૧૨/૨૦૧૮

પરિપત્ર-૭૨૦

વિષય: લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ સ્ટાફની માહિતી બાબત.
સંદર્ભ: પરિપત્ર-૬૪૪ નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૧૯૫૮૪.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની તમામ સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અગાઉ યુનિવર્સિટી દ્વારા સંદર્ભ દર્શિત પરિપત્રથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોએ તેઓની કોલેજના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ચુંટણી ફરજ પરના સ્ટાફની માહિતીનો ડેટાબેઝ તૈયાર કરી જીલ્લા ચુંટણી અધિકારીશ્રીને મોકલી આપેલ હશે.

તા.૦૩/૧૨/૨૦૧૮ના રોજ નિવાસી અધિક કલેકટરશ્રી, પંચમહાલ, ગોધરના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં મળેલ સુચના અનુસાર પંચમહાલ જીલ્લાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને તેમના દ્વારા તૈયાર કરેલ ચુંટણી સ્ટાફનો ડેટાબેઝ લાગુ પડતી વિધાનસભાના મતવિભાગના મદદનીશ મતદાર અધિકારીશ્રી પાસે આપની કોલેજમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની તમામ ડેટા એન્ટ્રીની ચકાસણી કરાવી, ડેટાબેઝને ક્ષતી રહીત બનાવી, ક્ષતી રહીત માહિતીના ડેટાબેઝને મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને સંબંધિત મામલતદારશ્રીની કચેરીને તા.૦૭/૧૨/૨૦૧૮ સાંજના ૫:૦૦ કલાક સુધીમાં રૂબરૂ સુપ્રત કરવાની રહેશે તેમજ તેની એક નકલ અત્રે યુનિવર્સિટી ખાતે મોકલી આપવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ.
- આ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની તમામ સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના.
- નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા.